# :: જાહેરનામું ::

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ નંબર/વિ.શા./ઓ.એસ.સેક્શન/૨૭૯/૨૦૧૭

અમદાવાદ શહેર જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંકઃ (૧) જિશિઅ/સ્ટાફ સીલેક્શન પરીક્ષા/૨૦૧૭/૨૭૨, તા.૨૦/૦૪/૨૦૧૭, (૨) જિશિઅ/સ્ટાફ સીલેક્શન પરીક્ષા/૨૦૧૭/૪૨૮, તા.૨૦/૦૪/૨૦૧૭, તથા (૩) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના પત્ર ક્રમાંકઃ અગ્રાવિ/મ.શિ.નિ/૨૦૧૭૧૮/૫૯૭૦ તા.૨૫/૦૪/૨૦૧૭ અન્વયે અનુક્રમે સ્ટાફ સીલેકશન કમિશન મુંબઇ (W/R), તેમજ ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ ગાંધીનગર દ્વારા આગામી તા.૩૦/૦૪/૨૦૧૭ ના રોજ ઉપરોક્ત પત્ર ક્રમાંક વાળી જાહેર પરીક્ષાઓ અમદાવાદ શહેરના જુદાજુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી અને શાંત વાતાવરણમાં ભયમુક્ત રીતે પરીક્ષા આપી શકે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર હકુમત હેઠળમાં આવેલ ઉક્ત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો, ઝેરોક્ષ દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ લઇ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

જેથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૩૦/૦૪/૨૦૧૭ ના ક.૦૯/૦૦ થી ક.૧૭/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધિત કૃત્યો :-**

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યકતિઓએ ભેગા થવું નહી.

(૨) પરીક્ષા સમય દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ લઇ જવા પર વિધાર્થીઓ, શિક્ષકો માટે પ્રતિબંધ ફરમાવવા.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન અન્ય અધિકૃત વ્યકતિઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવા.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન લઇ જવા પર પ્રતિબંધ ફરમાવવા.

**પ્રતિબંધિત વિસ્તાર :-**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારના સદર પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં.

❖ **અપવાદ :** આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ.

(૨) કોઇ લગ્નના વરઘોડાને,

(૩) કોઇ સ્મશાન યાત્રાને,

(૪) ફરજ પરના કર્મચારીઓ તથા પોલીસ/એસ.આર.પી./હોમગાર્ડના અધિકારી તથા જવાનોને,